# કાર્બન મોનોક્સાઇડ અને વાયુની સલામતી

## કાર્બન મોનોક્સાઇડ એટલે શું?

કાર્બન મોનોક્સાઇડ (CO) એક રંગહીન, ગંધહીન, સ્વાદહીન, ઝેરી વાયુ છે, જે કાર્બન-આધારિત બળતણ (ગેસ, તેલ, લાકડા, પેટ્રોલ અને કોલસા સહિત)ના અપૂર્ણ દહનથી ઉત્પન્ન થાય છે.

કારણ કે તમે તેને જોઈ શકતા નથી, તેનો સ્વાદ લઈ શકતા નથી અથવા તેની ગંધ લઈ શકતા નથી, તે ખૂબ જોખમી છે અને કેટલીક પરિસ્થિતિઓમાં ચેતવણી આપ્યા વિના ઝડપથી મારી શકે છે.

### કાર્બન મોનોક્સાઇડના ઝેરી લક્ષણો




### COના સંકેતો

- મોટાભાગના ગરમી ઉત્પન્ન કરનારા ઉપકરણો પરની જ્વાળાઓ તીક્ષ્ણ અને ભૂરી હોવી જોઈએ.
- પીળી અથવા નારંગી જ્વાળાઓને કોઈ વ્યાવસાયિક દ્વારા ચકાસવી જોઈએ
- ઉપકરણો પર ડાઘ થાય, કાળા લાગે અથવા રંગ બદલાય તો તેની કાળજી લો
- વધેલા સંઘનનની નોંધ લો
- પાઇલટ લાઇટ વારંવાર બંધ થઈ રહી હોય

જો તમને ચિંતા હોય કે તમારા ઘરમાં CO હાજર છે અથવા CO ઝેરના ચિહ્નો દેખાય છે, તો તાત્કાલિક **0800 111 999** પર નેશનલ ગેસ ઇમરજન્સી સર્વિસનો સંપર્ક કરો.

# COના જોખમોથી કેવી રીતે સુરક્ષિત રહેવું

- લાયકાત ધરાવતા વ્યાવસાયિક દ્વારા દર વર્ષે કોલસા, ઓઇલ અને કુદરતી વાયુના સાધનોની ચકાસણી કરાવો
- શ્રાવ્ય કાર્બન મોનોક્સાઇડ એલાર્મ ફીટ કરો અને હંમેશા ઉત્પાદકની સૂચનાઓનું પાલન કરો
- ઉત્પાદકની સૂચના અનુસાર તમારા કાર્બન મોનોક્સાઈડના એલાર્મનું નિયમિત પરીક્ષણ કરો અને જરૂર જણાય તો બેટરી/એલાર્મને બદલી નાંખો
- ઉપકરણ માટે પૂરતા પ્રમાણમાં હવાની અવરજવર હોય તે સુનિશ્ચિત કરો અને હવાના છિદ્રોને અવરોધિત ન કરો
- જો તમને શંકા જાય કે CO અથવા તમારું CO એલાર્મ વાગી રહ્યું છે, તો ઉપકરણને બંધ કરી દો અને તાત્કાલિક મદદ લો
- યોગ્ય હવાની અવરજવર વિના ક્યારેય બંધ જગ્યામાં BBQ અથવા પોર્ટેબલ હીટરને લાવશો નહીં

## વાયુ કટોકટી

SGN તમારા વિસ્તારમાં નેશનલ ગેસ ઇમરજન્સીનો પ્રતિસાદ પ્રદાન કરે છે.
જો તમે વાયુ લીક થવાની  જાણ કરો છો અથવા COની ચિંતા છે, તો તેમના ઇજનેરો 24 કલાક સેવા પૂરી પાડે છે અને પરિસ્થિતિને સુરક્ષિત બનાવવા માટે હાજર હોય છે.

**જો તમને વાયુની ગંધ આવતી હોય તો આ છ પગલાં અનુસરો:**

✓ વાયુને બહાર કાઢવા માટે બારી-બારણાં ખોલવાની ખાતરી કરો

✓ મીટર પર વાયુનો પુરવઠો બંધ કરો અને બધા વાયુ ઉપકરણો બંધ છે તેની ખાતરી કરો

✓ **નેશનલ ગેસ ઇમરજન્સી નંબર 0800 111 999** પર કોલ કરો. આ લાઇનો વર્ષના 365 દિવસ, 24 કલાક ચાલુ રહે છે.

✗ ધૂમ્રપાન કરશો નહીં અથવા કોઈપણ ખુલ્લી જ્વાળાઓનો ઉપયોગ કરશો નહીં

✗ કોઈ પણ વિદ્યુત સ્વીચને અડશો નહીં. સ્વીચ ચાલુ કે બંધ કરવાથી વાયુનું લીકેજવધી શકે છે

✗ જો તમને વાયુની ગંધ આવે તો ભોંયરામાં પ્રવેશશો નહીં, પછી ભલે તમારું ગેસ મીટર ભોંયરામાં સ્થિત હોય

SGN
Your gas. Our network.